ગાંધીનગર સમાચાર

# નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસની ઉજવણી







ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ વિજ્ઞાનલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે-સાથે બાહ્ય જગતના વિકસી રહેલા વિજ્ઞાનને સમજે તે હેતુથી જુદા-જુદા વિજ્ઞાનલક્ષી દિવસોની ઉજવણી કરી તેમને વિજ્ઞાનમાં વધુ રસ પડે તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

સમગ્ર ભારતમાં ૧૧મી મે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવાય છે. પોખરણ ખાતે ભારતે સફળતાપૂર્વક પરમાણુ પરિક્ષણ કર્યું હતું તેમજ આ દિવસે બેંગ્લોર ખાતે ત્રિશુલ મિસાઈલનું પણ સફળ પરિક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારથી ભારત સરકારે ૧૧મી મે રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ તરીકે ઉજવવાનું નિયત કર્યું છે. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા પણ દર વર્ષે આ દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ટોપ એજ્યુકેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે પોપ્યુલર લેક્ચર અને જુની તથા નવી ટેકનોલોજી આધારિત સાધનોનું નિદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પોપ્યુલર લેક્ચરનો વિષય ઓલ્ડ એન્ડ ફ્યુચર ટેકનોલોજી રાખવામાં આવ્યો હતો. નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થીઓને જુદા-જુદા ક્ષેત્રોમાં ભવિષ્યમાં આવનારી ટેકનોલોજી વિશે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા રસપ્રદ માહિતી આપી હતી.

ખેતી, સંરક્ષણ, આરોગ્ય, ઉદ્યોગો, વાહનવ્યવહાર વગેરેમાં આવનાર વર્ષોમાં કેવી ક્રાંતિ આવશે અને વિશ્વમાં વપરાતી નાવિન્ય ટેકનોલોજી વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિદ્યાર્થીઓને જૂની ટેકનોલોજીનાં વિવિધ સાધનો જેવા કે રેડિયો, ગ્રામોફોન રેકોર્ડર, પેજર, કેસેટ પ્લેયર, જૂનાં ટીવી વગેરે દર્શાવવામાં આવ્યાં હતાં અને હાલની ટેકનોલોજીનાં થ્રીડી પ્રિન્ટર, ગૂગલ ગ્લાસ જેવાં સાધનો પણ દર્શાવવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં ટૉપ એજ્યુકેશનના ૧૬૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટોપ એજ્યુકેશનના ડિરેક્ટર મનીષભાઈ પટેલે વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજીની આવનાર વર્ષોમાં જરૂરિયાત અંગે વિગતવાર માહિતી આપી હતી. કાર્યક્રમને સફળ બનાવવા ટૉપ એજ્યુકેશનના ધવલભાઈ, નિસર્ગ સાયન્સ સેન્ટરના હાર્દિક મકવાણા અને શિવાંગ પટેલે સક્રિય સહયોગ પૂરો પાડ્યો હતો.

## જન્મદિને વધામણી



બી બી સિંહ
ડે. કમિશનર, આરટીઓ



યુવરાજ રોહિત
મો. ૮૫૧૧૭ ૭૮૩૦૫



જિતેન્દ્ર વી શાહ
ગુજરાત ઈતિહાસ પરિષદ
મો. ૯૪૨૮૮ ૦૩૨૫૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## સંસ્કાર ગૃપ દ્વારા આજે જૂની રમતો

ગાંધીનગર, તા. ૧૧

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ દ્વારા તા. ૧૨ મે ને રવિવારના રોજ સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન સૅક્ટર-૭ ઉદ્યાન ખાતે જૂના રમતોનું આયોજન કરવામાં આવ્યું છે. થપ્પો, આંધળો પાટો, અડકો-દડકો, નદી પર્વ, રફ કાગળમાંથી વિમાન બનાવવાં જેવી વિવિધ રમતો બાળકોને રમાડવામાં આવશે. સૌ બાળકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા સંસ્થાએ આમંત્રણ પાઠવ્યું છે.

### સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં

# મધર્સ ડે નિમિત્તે બાળકોને ભેટો અપાઈ






સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં મધર્સ ડે નિમિત્તે ગરીબ તથા અનાથ બાળકોને મીઠાઈ,બિસ્કીટ અને અભ્યાસમાં ઉપયોગી થાય તે માટે પેન, પેન્સિલ, કલર બોક્સ આપવામાં આવ્યા હતા, અને રમત ગમત સાથે ડાન્સ સ્પર્ધા પણ યોજવા માં આવી હતી. વિજેતા બાળકોને ઈનામ પણ આપવા માં આવ્યા હતા. અતિથિઓ દ્વારા મધર્સ ડે નિમિત્તે બાળકોને ઉપદેશ આપવામાં હતો, કે લોકો પોતાના મા-બાપને વૃદ્ધાશ્રમમાં મોકલે છે, તે એ નથી જાણ તા કે અમે પણ એક દિવસ વૃદ્ધ થવાના છીએ. એટલે જ કહેવાય છે કે ''મા એ મા બીજા બધા વગડાના વા.'' ''જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતા પણ મહાન છે જે ને કોઈ ઉપમા ના આપી શકાય તેનું ના 'મા.' ''જેની કોઈ સીમા નથી તેનું નામ 'મા', જેને પાનખર નથી નડી તેનું ના 'મા.'' ''પડી જાય ઘર બન્યા પહેલા તો ચણતરની ખામી છે બેટા મા-બાપ સામા થાય તો ગણતરની ખામી છે.'' 'મા' વિષે જેટલું પણ બોલીએ એટલું ઓછું પડે, આ કાર્યક્રમમાં બાળકોને જ્ઞાન સાથે ગમત મળ્યું હતું અને આજની પેઢી 'મા'નું મહત્વ સમજે તેવો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સ્મિત ફાઉન્ડેશને ગરીબ તથા અનાથ બાળકોની માતા બની તેમને ખુશી આપી હતી.

# વિવિધ ઈન્ટીગ્રેટેડ કોર્સીસ માટે આઈઆઈટીઈ ખાતે બીજી જૂને પ્રવેશ પરીક્ષા

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતમાં આગામી દિવસોમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થવાનું છે ત્યારે જુદી જુદી યુનિવર્સિટીઓએ પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દીધી છે. જેમાં રાજ્યની એકમાત્ર ટીચર્સ યુનિવર્સિટીએ પણ પોતાના ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ માટે એક સાથે બીજી જૂને ૧૭ સેન્ટર પર એન્ટ્રન્સ એક્ઝામ લેવાનું નક્કી કર્યું છે. આ એક્ઝામમાં પાસ થનારા વિદ્યાર્થીઓની બીજી વખત પરીક્ષા લઈને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવશે. પહેલી વખત ઈન્ટિગ્રેટેડમાં એકસાથે સાત વિષયમાં પ્રવેશ અપાશે. હાલમાં યુનિવર્સિટી પાસે આટલી મોટી સંખ્યામાં અધ્યાપકો જ ઉપલબ્ધ નથી. પરંતુ પહેલા વર્ષમાં પ્રવેશ દરમિયાન નવા અધ્યાપકોની ભરતી સહિતની પ્રક્રિયા શરૂ કરવાનું નક્કી કરાયું છે. ગાંધીનગર સ્થિત ટીચર્સ યુનિવર્સિટીમાં અત્યાર સુધીમાં ધો.૧૨ પછી ચાર વર્ષના ઈન્ટિગ્રેટેડ કોર્સ ચલાવવામાં આવતાં હતા. પરંતુ તેમાં મર્યાદિત વિષય ઓફર થતાં હતા. ચાલુ વર્ષે બી.એ.બી.એડ.માં સાત વિષય અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ભૂગોળ અને અર્થશાસ્ત્રમાં બી.એડ. શરૂ કરવામાં આવ્યા છે. આ જ રીતે બી.એસસી. બી.એડ.માં પણ ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથ્સ અને બોટની એમ ચાર વિષય ઓફર કરવામાં આવશે. અગાઉ બી.એ.બી.એડ. અને બી.એસસી. બી.એડ.ની માત્ર ૧૦૦ બેઠક ઉપલબ્ધ હતી. જેના બદલે હવે બન્નેમાં ૧૦૦-૧૦૦ એટલે કે કુલ ૨૦૦ બેઠક રહેશે. સામાન્ય પ્રવાહ અને સાયન્સ સાથે ધો.૧૨ પાસ થનારા તમામ વિદ્યાર્થીઓ આ કોર્સ માટે પ્રવેશ પરીક્ષા આપી શકશે. પહેલી પરીક્ષા તા.બીજી જૂને લેવામાં આવશે. રાજ્યના જુદા જુદા ૧૭ સેન્ટરો પરથી આ પરીક્ષા લેવાશે. આ પરીક્ષામાં પાસ થનારા વિદ્યાર્થીઓની ફરીવાર તા.૯મીએ પરીક્ષા લેવાશે. આ બન્ને પરીક્ષાના મેરિટના આધારે પ્રવેશ અપાશે. મેરિટમાં ટોપમાં આવનારા પાંચ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાશે. પહેલાં વર્ષમાં આ વિદ્યાર્થીઓએ કોઈપણ પ્રકારની ટ્યૂશન ફી ભરવાની રહેશે નહી. જો આ વિદ્યાર્થી પહેલા વર્ષમાં સારો દેખાવ કરશે તો આગળના વર્ષની ફી પણ માફી કરવામાં આવશે. એટલે કે જેટલી ફી છે તે પ્રમાણે રૂ. ૩૫ હજારની સ્કોલરશીપ આપવામાં આવશે. હાલમાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ આવ્યું નથી આમ છતાં તેઓ તા.૧૦મી મેથી લઈને ૨૮મી મે સુધી ઓનલાઈન અરજી કરી શકશે.

# માતૃભાષાનો વિચાર આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ જન્માવે છે

દરેક વ્યક્તિને આત્મગૌરવ હોવું અને દરેક વ્યક્તિને પોતાના રાષ્ટ્ર માટે રાષ્ટ્રગૌરવ હોવું એ વ્યક્તિ અને રાષ્ટ્ર માટેની ઉચ્ચતમ અવસ્થા છે.

**માતૃભાષા-ચિંતન**
હર્ષદ પ્ર. શાહ

અંગ્રેજી ભાષા બહુ નાની ઉંમરે શિખવાડવાથી બાળકમાં આત્મગૌરવ કે રાષ્ટ્રગૌરવ કંઈ નહીં જાગે. પરભાષા થકી એ જે તે ભાષાની સંસ્કૃતિ સાથે જોડાઈ જશે. આપણી સંસ્કૃતિ વિશે જાણશે નહીં, માટે એના પ્રત્યે કોઈ અહોભાવ પણ જાગશે નહીં. માતૃભાષા તો માતા અને માતૃભૂમિ વચ્ચેનો સેતુ છે, તેથી માતૃભૂમિ પ્રત્યે પણ આત્મિક સંબંધ નહીં સ્થપાય. અંગ્રેજી કસમયે ભણાવવાથી અને એને અત્યાધિક મહત્ત્વ આપવાથી તો અંગ્રેજોનું-અંગ્રેજિયતનું દાસત્વ જ પ્રબળ બનશે. પછી તો જેટલું વિદેશી તેટલું સારું, સ્વદેશ ઉપેક્ષિત બનશે.

ભાષા એ તો રાષ્ટ્રની વાણી છે. પોતાની ભાષાને બદલે બીજી ભાષાને વધુ પડતું મહત્ત્વ આપીને શું આપણે રાષ્ટ્રદ્રોહ નથી કરતા ? પ્રાચીન કાળમાં ઋષિઓ આપણા માટે કહેતા -

વયમ્ અમૃતસ્ય પુત્રાઃ ।

આપણે તો અમૃતપુત્રો છીએ. આપણે સિંહશાવક છીએ. આપણને દાસત્વ ખપે જ શી રીતે? વિરાટમાંથી વામન બનવાની આ વિચિત્ર પ્રક્રિયામાંથી કોઈ પણ રીતે બહાર આવવું પડશે. અને એ માટે આપણે આપણાં બાળકોને અને આપણા સમાજજનોને માતૃભાષાનું ગૌરવ અને એની પ્રતિષ્ઠા કેવી રીતે કરવો જોઈએ તે સમજાવવું રહ્યું.

આ રહ્યા કેટલાક મુદ્દા

- આપણો રોજિંદો વ્યવહાર માતૃભાષામાં કરીએ.
- આપણા ગુજરાતી ભાષક સાથે ગુજરાતીમાં જ વાત કરીએ.
- શક્ય હોય ત્યાં સુધી આપણી અભિવ્યક્તિમાં પરભાષાના શબ્દો ઓછામાં ઓછા બોલાય તેવો પ્રયત્ન કરવો. આપણી ભાષામાં ખૂબ સારું શબ્દભંડોળ છે.
- આપણી ભાષાનો શબ્દવૈભવ માણવા માટે 'સાર્થ જોડણીકોશ' અથવા 'મોટો કોશ' હંમેશાં પાસે રાખીએ.
- સરકારી કર્મચારીઓ અથવા કોઈ પણ કાર્યાલયના કર્મચારીઓ સાથે યથાસંભવ પત્રવ્યવહાર માતૃભાષામાં જ કરવાનો આગ્રહ રાખવો.
- સામાજિક-પારિવારિક બાબતો ફોનથી, એસએમએસથી કે વૉટ્સઍપથી પતાવવાને બદલે એક પોસ્ટકાર્ડ લખીને એનો ગરિમા બક્ષવી. વ્યક્તિગત સંસ્પર્શ અને આત્મીયતા સ્થપાશે.
- આપણા હસ્તાક્ષર આપણે આપણી ભાષામાં કરીએ. હસ્તાક્ષર આપણી ઓળખ છે, આપણું પ્રતિબિંબ છે. એ તો માતૃભાષામાં જ શોભે.
- આપણે આપણાં બાળકો સાથે સરસ રીતે ગુજરાતીમાં વાતો કરીએ અને દરેક શબ્દની ગહનતા અને એનો અર્થ સમજાવીએ.
- ૮-૧૦ વર્ષ સુધીનાં બાળકોને જોડકણાં, ઉખાણાં અને બાળગીતો સાથે જોડવાથી તેઓ સ્વાભાવિક રીતે જ માતૃભાષાની નિકટ રહે છે.
- વાર્તાકથન પણ બાળકોને રસપ્રદ રીતે ભાષાની નજીક લાવવાનું અત્યંત પ્રબળ માધ્યમ છે.
- આ બધી પ્રક્રિયા માટે ઉખાણા, જોડકણાં, બાળગીતો અને વાર્તાનાં ૨૫-૫૦ પુસ્તકો ઘરમાં વસાવવાં જોઈએ.
- આપણી ભાષાનાં શબ્દો અને વાક્યો શુદ્ધ ઉચ્ચારણથી બોલવાનો આગ્રહ રાખવો.
- બાળકો માટે ચિત્રવાર્તાનાં પુસ્તકો વસાવો. એમાં વાંચવાનું ઓછું અને ચિત્રદર્શન વધુ હોવાથી બાળકો તે હોંશેહોંશે વાંચે છે.
- આપણાં બાળકોને આપણે ગુજરાતી માધ્યમાં જ ભણાવવાનો આગ્રહ રાખીએ. આ માટે બે સૂત્રો બરાબર સમજો-વિચારો...

૧. માતૃભાષા માધ્યમ - ઉત્તમ અંગ્રેજી

૨. શિક્ષણમાં અંગ્રેજી કે અંગ્રેજીમાં શિક્ષણ ?

- બાળકોના અક્ષર સરસ નીકળે એ માટે શરૂઆતથી જ સતર્ક રહેવું જોઈએ.
- ટૂંકમાં આપણે આપણી પ્રાણપ્રિય માતૃભાષાને આપણા મનમંદિરમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરીએ.

પ્રખર ગુજરાતી ચિંતક અને ભાષાવિદ સાં. જે. પટેલ કહે છે - જે પ્રજાનો બધો વ્યવહાર પોતાની માતૃભાષામાં ચાલતો હોય છે તે ભાષા સદા જીવંત રહે છે. જનની પ્રત્યે જેવો પ્રેમ હોય છે તેવો પ્રેમ માતૃભાષા પ્રત્યે હોય તો એ ભાષાને ઊની આંચ આવતી નથી. ગુજરાતીને બચાવવા દરેક ગુજરાતીએ જનની જેવો પ્રેમ કેળવવો પડે. ગાંધીજી અંગ્રેજી ભાષા જાણતા હોવા છતાં તેમણે પોતાની આત્મકથા ગુજરાતીમાં લખી હતી. બુદ્ધો લોકભાષા પાલીમાં ઉપદેશ આપીને લોકહૃદયમાં અદ્ભૂત સ્થાન મેળવ્યું હતું. ઈઝરાયેલા એલિસરર બેન્યહૂદે માતૃભાષા હિબ્રૂને તથા તુર્કસ્તાનના કમાલ પાશાએ તુર્કી ભાષાને સમૃદ્ધ અને લોકપ્રિય બનાવી ભાષાનું ગૌરવ વધાર્યું છે.

માતૃભાષાની ઉપેક્ષા, અવગણના કે અવહેલના આપણને બહુ ભારે પડવાની છે. જ્યારે આગામી બે-ત્રણ પેઢી પછી આપણા ખ્યાતનામ લેખકોને/કવિઓને તે પેઢી જાણતી નહીં હોય. આપણા પ્રદેશની ગૌરવગાથાઓનું ગુજરાતીમાં થયેલું આલેખન તેઓ વાંચી નહીં શકતા હોય. જ્યારે આપણી ભાવિ પેઢીનાં બાળકો આપણા જ દેશની પ્રત્યેક બાબતને તુચ્છ ગણતાં હશે, તિરસ્કારના ભાવથી જોતાં હશે ત્યારે કદાચ આપણા હૃદયમાં ચીરા પડતા હશે. એવું બનશે કે એક ઘમો મોટો વર્ગ કેવળ માતૃભાષાની ઉપેક્ષાને કારણે ભારત રાષ્ટ્રથી વિમુખ થઈ ગયો હશે.શું આ નુકસાન ઓછું છે ? આપણને આપણા બાળકનો કેવળ વિકાસ અંગ્રેજી માધ્યમમાં ભણાવવાથી દેખાતો હશે, પણ શું આ સમગ્ર રાષ્ટ્રને થતા નુકસાનની કોઈ અસર આપણને નહીં થાય ?

મને તો ભાવિ રાષ્ટ્રના ચિત્રની કલ્પના કરતાં જ કમકમાટી છૂટે છે. ફરી એક અદૃશ્ય દાસતા, ફરી રાષ્ટ્રભક્તિની ભયંકર ઓટ, ફરી પારિવારિક ભાવનાનો ભયાનક ક્ષય, ફરી ઘરડાંઘર અને ઘોડિયાંઘરની સંખ્યામાં અણધાર્યો વધારો ... અને કદાચ આવું બીજું ઘણું બધું !

ચાલો, થોડુંદૂરનું જોઈએ. ચાલો, વર્તમાનમાં જાગીએ. ચાલો, માતૃભાષાના મહત્ત્વની દીર્ઘકાલીન અસરોને સમજીએ.

# ગાંધીજીનો વિનોદ

॥ પચીસમો મણકો ॥

**૬૬ - મૂરખનો સરદાર**

એક વાર એક નવપરિણીત દંપતી ગાંધીજીના આશીર્વાદ લેવા આવ્યાં. તેમનો ભભકાદાર પોશાક જોઈને ગાંધીજી કંઈક ભુલાવામાં પડ્યા. તેમને ખબર નહીં કે તેઓ હરિજન છે. એટલે તેમણે પૂછ્યું, તમે પરણ્યાં, તે મારે સારુ શું લાવ્યા ?

વરરાજા : અમે ફૂલ લાવ્યાં છીએ.

ગાંધીજી : પણ ફૂલ તો નહીં ચાલે. તમે પરણો અને ફૂલથી સંતોષાવા કહો ?

વરરાજા : અમે દ્રાક્ષ પણ આપી છે, બાપુ.

ગાંધીજી (જોરથી હસીને) : પણ દ્રાક્ષ ખાટી હોય છે એ વાત ખબર છે ? દ્રાક્ષ કે ફૂલ તો નહીં ચાલે. બેઉ જણ વિચાર કરી આવો કે હરિજનો માટે શું આપવું છે ?

વરવધૂ : અમે હરિજન છીએ.

ગાંધીજી : એમ ? તો તમારે નહીં પણ મારે કંઈક આપવું જોઈએ.

પછી હસીને વરવધૂની પીઠ થાબડીને ગાંધીજીએ આશીર્વાદ આપ્યા.

150 ગાંધીયાત્રા

૬૭ - ઈલકાબ

ગાંધીજીની ટપાલમાં એકદિવસ 'મહમૂદ ગાંધી' એ નામનાં પરબિડીયાં આવ્યાં. કેટલાકે રોષમાં તેમને મુસલમાન કહ્યા. કેટલાક તેમને સામ્યવાદી અને કેટલાક તેમને મહમદઅલી ઝીણાના ગુલામ પણ કહેતા. વિવિધ પ્રકારના રોષ ઠાલવનારા પ્રત્યે તેઓ હસીને બોલ્યા,

મહાત્માનો ઈલકાબ પણ લોકોએ જ આપેલો છે. બાપુનો ઈલકાબ પણલોકોએ જ આપેલો છે. તો આ બધા ઈલકાબો પણ લોકો આપે તો મારે વધાવી લેવા જોઈએ ના !

૬૮ - હથિયારની તપાસ કરો

એક વાર ગાંધીજી લૉર્ડ માઉન્ટબેટનને મળવા ગયા. ત્યાં વાઈસરૉય ચા પીતા હતા અને ગાંધીજી જમતા હતા. તે વેળા વાઈસરૉયના એડીસીએ તેમનો ફોટો ખેંચ્યો.

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું, આપને જોવું હોય તો જોઈ લો કે આ છોકરી પાસે કંઈ હથિયાર છે કે નહીં ?

ગાંધીજીના વિનોદથી વાઈસરૉયે હસીને કહ્યું કે, તમારી સેવિકા પાસે એવું કશુંય હોઈ જ ના શકે. એવી મને સંપૂર્ણ ખાતરી છે.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર